5th Floor, Saroj Chambers, Opp. Embassy Market, Ashram Road, Ahmedbad - 380 009.
Phone : 079-26583229, Fax : 079-26585708 web : www.gihed.org

(Regd. Under The Bombay Non-trading Corporation Act, 1959)

THE GUJARAT INSTITUTE OF HOUSING & ESTATE DEVELOPERS
GIHED

ગાહેડ/૦૭૧/૦૬-૦૭ તા.૧૨/૦૮/૨૦૦૬

પ્રતિ,
સભ્યશ્રી,

વિષય : **અતિવૃષ્ટિના લીધે સુરત શહેરના અસરગ્રસ્તોની સહાય અંગે**

માનનીયશ્રી,

આપશ્રી જાણો છો કે છેલ્લા કેટલાક સમયથી ગુજરાત કુદરતી આપત્તિઓનો વિષમ સામનો કરી રહેલ છે. ધરતીકંપ, માનવ સર્જીત તોફાનો, અતિવૃષ્ટિના લીધે રાજ્યના વિકાસમાં મોટા પાયે તકલીફો વેઠવી પડી છે. તેમજ જાન-માલની પણ ખુમારી થયેલ છે. તાજેત્તરમાં સમગ્ર સુરત શહેર તથા તેની આજુબાજુના વિસ્તારો અતિવૃષ્ટિના કારણે પાઈમાલ થઈ ગયેલ છે. તેવા કપરા સંજોગોમાં અસરગ્રસ્ત નાગરિકોની પડખે ઉભા રહેવાની આપણી પવિત્ર અને નૈતિક ફરજ છે.

વધુમાં આપણી ગાહેડ સંસ્થા દ્વારા તા.૮/૮/૨૦૦૬થી આજ સુધીમાં ૨૫,૦૦૦ ફુડ-પેકેટ્સ, ૧૫,૦૦૦ બીસ્કીટના પેકેટ્સ તથા ૧,૫૦,૦૦૦ પીવાના પાણીના પાઉચનો પુરવઠો એનેક્ષી સરકીટ હાઉસ તથા ઔડા ખાતે મોકલતા રહ્યા છીએ. જે હવે આપશ્રીના સાથ અને સહકારની અપેક્ષાએ ક્રમશઃ ચાલુ રાખવા વિચારેલ છે.

આ સદ્કાર્યમાં વધુ સારી રીતે સહભાગી બની શકાય તે હેતુથી આપણી સંસ્થા દ્વારા સુરતની વિવિધ કન્સ્ટ્રકશન સાઈટના શ્રમજીવીઓને ચિકિત્સા સુવિધા આપવા માટે ડોકટરો સાથે સુરત મુકામે જવાનું આયોજન વિચારણા હેઠળ છે. જેથી સુરતના બાંધકામ ઉદ્યોગ સહિતના અસરગ્રસ્તોનું જીવન પુનઃ રાબેતા મુજબ કરવામાં સહાયરૂપ બની શકાય.

**સંસ્થાકીય આ આયોજનમાં સહભાગી બનવા આપશ્રીને અનુકુળ હોય તે અનુદાનની રકમ સંસ્થામાં મોકલી આપવા અમારી નમ્ર અપીલ છે.**

આભાર સહ,

આપનો સ્નેહી,

(જક્ષય શાહ)
પ્રમુખ

celebrating 25 glorious years
1980 - 2005

JAXAY SHAH PRESIDENT | PRANAV D. SHAH VICE PRESIDENT | SURESH D. PATEL VICE PRESIDENT | YOGESH BHAVSAR HON. SECRETARY
RUSHABH N. PATEL | DUSHYANT PANDYA | UMANG THAKKER | SANJAY JAIN